`સુરતના મે.૩ જા જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,સુરત

ફોજદારી કેસ નં.

ફરીયાદી : સરકારશ્રી આંક -

વિ.

આરોપી :

ગુના કલમ : જુગારધારા ૧૨ અ

**: ચુકાદો :**

૧. સદર કામે આજરોજ આરોપીઓને અટક કરી રજુ કરેલ છે આ કામે આરોપીઓ વિરુધ્ધ .................... પોલીસ સ્ટેશને જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો નોધાયેલ જેની તપાસ થઈ આવતા ઉપરોક્ત નંબરનો કેસ રજીસ્ટર થયેલ છે.

૨. સદર કામે આરોપીએ આંક- થી કબુલાત પુરશીશ તથા આંક ૪ થી આરોપીઓનું મુદ્દામાલ અંગે નોઓબ્જેક્શન પુરસીસ આપેલ છે ત્યારબાદ આરોપીની પ્લી આંક - થી નોધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ણના માણસ છે અને સદર ગુનો તેમની પહેલી ભુલ છે અને હવે ભવિષ્યમાં ફરીથી આવી ભુલ કરશે નહી અને ગુનાનો તેઓને પસ્તાવો છે અને તેમના કુટુંબનો આધાર તેમની ઉપર રહેલો છે જેથી તેમની ભુલ માફ કરી સદર ગુનામાંથી મુક્ત કરવા અરજ કરેલ છે.

૩. આ કામે આરોપીઓની રજુઆત તેમજ કામનું રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપી વિરુધ્ધ જુગારધારાનીકલમ ૧૨ મુજબનો ગુનો છે અને આરોપીઓની રજુઆત ધ્યાને લેતા તેઓ ગરીબ વર્ણના માણસ છે અને સદર ગુનો તેમની પહેલી ભુલ હોય માફ કરવા અરજ કરેલ છે ત્યારબાદ આ કામે જુ.ધારા કલમ ૧૨ સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે કેસનુ રેક્ર્ડ ધ્યાને લેતા આ કામે હજુ આરોપીઓનો ચાર્જ ફ્રેમ થયા બાદ કેસની કાર્યવાહી ચાલતા સમય જાય તેમ છે અને આ કામે આરોપીઓ ગુનાની કબુલાત કરવા માંગતા હોય આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat vs Natwar Harchandji Thakor on 22 February, 2005 Equivalent citations: 2005 CriLJ 2957, (2005) 1 GLR 709 માં ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો સદર ચુકાદો નામ. ગુજરાત હાઈકોર્ટ દ્ધારા પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે 86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reasons for a first offence, the Court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three

decisions relied on by the State are not affirmed and approved by us to the extent as stated above for the elaborate reasons and factual matrix and legal profile given hereinabove and upon true and correct interpretation and legislative intendments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Sections 66 and 85, so far as first

૪. આમ સદર ચુકાદામા પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતા આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોય અને આ કેસના સંજોગો જોતા મીનીમમ સજાની જોગવાઈ હોય તેથી ઓછી સજા કરી શકાય તેમ ઠરાવેલ છે. આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતા તેમજ આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોય અને આ કામે ચાર્જસીટ ધ્યાને લેતા આરોપીઓ સામે અગાઉ આ પ્રકારનો ગુનો આચરેલ હોવાની કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી અને જેથી આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોવાનું માની સદર ચુકાદામા પ્રસ્થાપીત થયેલ સિદ્ધાંતને ધ્યાને લઈ અને સદર કેસની હકીકતો ધ્યાને લેતા આ કામે આરોપીઓ હાજર છે અને તેઓની ઉંમર તેમજ પરિસ્થિતી વિગેરે હકીકત લક્ષમાં લઈ આ કામે આરોપીઓને મિનીમમ સજાથી પણ ઓછી સજા કરવી ઉચીત જણાતી હોય આ કામે નિચે મુજબનો હુકમ ફરમાવું છું.

<u>હુકમ</u>

૧. સદર કામે ક્રિ.પો.કોડની કલમ ૨૫૨ હેઠળ જુગારધારાનીકલમ ૧૨(અ) હેઠળ આરોપીને ૧૦૦/- લેખે કુલ્લે આરોપી -....... લેખે કુલ દંડ - ................./- અંકે રુપીયા ........................... તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે સદર આરોપીઓ પાસેથી મળેલ મુદ્દામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અન્યથા સદર આરોપીઓ પાસેથી જે રોકડ રકમ કબ્જે કરવામાં આવેલ હોય તે રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા નોન વેલ્યુબલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૯ માહે સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજની લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સુરત.

(ડો.એસ.કે.ગાબા)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ(ત્રીજી)
કોર્ટ, સુરત.